ાનંદ-સમાજ.

* વિશ્વાસઘાત. * O. T.

પ્રકાશક અને અનુવાદક

હરિશંકર જોશી.

નોદ પુસ્તકાલય, ખપાટીયા ચકલા, સુરત.

મુદ્રક-હીરાલાલ નાનાભાઇ વ્યાસ.
ભારત પ્રીન્ટીંગ પ્રેસ.
સ્ટેશન રોડ, દુધારા શેરીને નાકે-સુરત

આવૃત્તિ ૧લી — પ્રત ૨૦૦૦

સંવત ૧૯૮૪-સને ૧૯૨૭

કીંમત એક આનો.

* વિશ્વાસઘાત. *

અનુવાદક

હરિશંકર નારણશંકર જોશી.

ખપાટીયા ચકલા—સુરત.

મુદ્રકઃ—હીરાલાલ નાનાભાઈ વ્યાસ

ભારત પ્રિંટીંગ પ્રેસ

સ્ટેશન રોડ, દુમારા શેરીને નાકે

સુરત.

આવૃત્તિ ૧લી — પ્રત. ૨૦૦૦

સંવત ૧૯૮૪—સને ૧૯૨૭

" ભારત "

સ્વતંત્ર રાષ્ટ્રીય સાપ્તાહિક.

વાર્ષિક લવાજમ રૂ. ૩-૦-૦

તંત્રી અને પ્રકાશક :—

હિરાલાલ નાનાભાઇ વ્યાસ,

ભારત પ્રેસ.

દુધારા શેરી નાકા, સ્ટેશન રોડ.

સુરત.

વિશ્વાસઘાત

मित्रद्रोहीकृतघ्नश्चयश्चविश्वासघातकः ।
ते नरानरकंयान्तीयावच्चंद्रदिवाकरौ ॥

કોઇએ સત્ય કહ્યું છે કે જ્યારે મનુષ્યના પાપનો ઉદય થાય છે ત્યારે તેની બુદ્ધિ વિચીત્ર રૂપ ધારણ કરે છે. ભગવાન શ્રી. રામચંદ્રજીનું સુવર્ણમૃગની પાછળ પડવું, અને મહારાજા યુધિષ્ઠીરનું જુગાર ખેલવું, તેમજ લંકાધિપતિ રાવણનું સતી શિરોમણી સીતાજીને બળાત્કારે હરણ કરી જવું એ વાત એવી છે કે જેના પ્રારબ્ધ બલવાન માનીને એમ કહેવું પડે છે કે

જ્યારે નાશનો સમય આવે છે ત્યારે મનુષ્યની બુદ્ધિનો ધ્વંસ થાય છે એવીજ સ્થિતિ સ્વરાજ્યના આન્દોલનમાં હિન્દુ જાતિની થઇ જેમ સુંદર લીલું ઘાસ જોઈ બેં બેં કરતી બકરી તેની પાસે જાય છે પણ તે મૃત્યુની સમીપ છે તેની તેને ખબર રહેતી નથી. તેજ પ્રમાણે હિન્દુ જાતિને શત્રુના મોઢામાંથી ગૌ-રક્ષાનો સુંદર ને મનોહર શબ્દ સાંભળીને તેની કુટીલ નીતિમાં શિકાર થઈ ગઇ ઘણાઓ એવું કહે છે કે એ તમામ કાર્ય મહાત્મા ગાંધીજીની ભુલથી થયું છે તોપણ મહાત્માજીની દેશભક્તી અને જાતિ સેવા પર આળ ચઢાવવું એ સૂર્ય પર ધુળ નાંખવા બરાબર છે. એમાં જરાપણ સંદેહ નથી કે મહાત્માજીએ વિરોધીના બંધ કુવાને જોયો નહી, અને તેમણે એમ માની લીધુ કે જેવો હું સંયમી ને સત્યવાદી છું તેવાજ બીજા પણ છે. નેપોલીયન બોનાપાર્ટે પોતાના બોડીગાર્ડના રસાલા સાથે જનરલ વેલીંગ્ટન પર હુમલો કર્યો તે વખતે અંગ્રેજ કેમ્પની ખાઇઓ ખોદેલી છે

તેની તેને ખબર ન હોવાથી તેના સવારો ઘોડા દોડાવતા ખાઇમાં જઈ પડયા. અને તેજ કારણથી નેપોલીયન બોનાપાર્ટનો પરાજય થયો ને તેથી તેને કેદ ભોગવવી પડી. એજ પ્રમાણે મહાત્મા ગાંધીજીએ સ્વરાજ્ય રૂપી સંગ્રામ જીતવાને માટે વિરોધીના ઢંકાયલા કુવા તરફ ધ્યાન દોડાવ્યું નહિ અને હિન્દુઓએ પણ આ આજ્ઞાનું પાલન કરતાં આ ઢાંકેલા કુવામાં પડી પોતાનો સંહાર કર્યો. પરન્તુ જેમ ફ્રાન્સના સેનાપતીએ શત્રુની ખોદેલી ખાઇનો વિચાર ન કર્યો તેમ મહાત્મા ગાંધીજી પોતાના બનાવટી મિત્રોના ઢાંકેલા કુવા ન જોઇ શક્યા. દુઃખની સાથે મારે કહેવું પડે છે કે મહાત્મા ગાંધીજીની નેપોલીયન કરતાં પણ મોટી ભુલ થઇ છે. આ ભુલ થવાનું કારણ એવું માલમ પડે છે કે મહાત્મા ગાંધીજીએ ઇસ્લામ ધર્મના સિદ્ધાન્તોનું અવલોકન—તેમના મુળ સ્વરૂપનું—નહી કર્યું અને વિશ્વાસથી આશ્વાસન અપાયું કે જે કાંઇ બની ગયું તે બની ગયું. હવે પછી ભવિષ્યમાં મુસલમાનો

જેહાદી તલવાર મ્યાનમાં રાખશે અને હિન્દુઓને પોતાના ભાઇ જેવા સમજશે એ તમામ મીઠ્ઠી વાતોનું ફળ એવું નીપજ્યું કે હિન્દુ જાતીને આગળ વધવાને બદલે પાછળ હઠવું પડયું અને લોકોને એવું કહેવાને વખત આવ્યો કે દુગ્ધામે દોનો ગયે માયા મીલી ન રામ. ન તો સ્વરાજ મળ્યું ન કાં તો મુસલમાનોથી ભાઇબંધી થઇ તે ઉપરાન્ત અંગ્રેજ સરકારની પોતાની તરફ વક્ર દ્રષ્ટી કરાવી. જે પ્રમાણે એ સીધી લીટી પૃથ્વીનો અંશ એક કરી શકતી નથી તેજ પ્રમાણે વીરૂદ્ધ શક્તીનો સંયોગ પણ થઈ શકે નહી. પાણી ગમે તેટલું ગરમ થાય પણ તે અગ્નિને બુઝાવી દે છે. પાણીને ગરમ કરતી વખતે અગ્નિના આધાર રૂપ લાકડાં છે પણ જ્યારે અગ્નિ ઉત્પન્ન થાય છે ત્યારે લાકડાંને બાળીને ખાખ કરે છે, પાણી વરાળ રૂપે ઉડી જાય છે અને જો પાણી બળતા લાકડા ઉપર પડે છે તો અગ્નિ બુઝાઇ જાય છે ને પાણી ગરમ થવું અશક્ય બને છે. એ પ્રમાણે પરસ્પર વિરૂદ્ધ

સ્વભાવવાળા પદાર્થોનો કદી પણ મેળાપ થયો નથી ને થવાનો નથી, ભવિષ્યમાં પણ થશે નહી, વર્તમાન સ્વરાજની ચળવળમાં હિન્દુ મુસલમાનની ખોટી મિત્રતાના કારણે જે જે હાની તથા મહેનત હિન્દુ જાતિને ઉઠાવવી પડે છે તે કાંઈ હવે છુપી નથી. ચોરની મા કોઠીમાં મોં ઘાલી રડે તેમ મનુષ્યને પોતાની મુર્ખાઇના કારણે દુઃખ ભોગવવું પડે છે. તો પછી મનમાંજ રડવાનું રહે છે. હિન્દુ મુસલમાનની ખોટી ઐક્યતા કેમ થઇ છે તેનું ખરેખરૂં કારણ એવું જણાય છે કે મુસલમાનો ખીલાફતની રક્ષા માટે હિન્દુઓને સરકાર અંગ્રેજથી જુદા રાખવા માંગે છે અને એમ કરવામાં મુસલમાનોનો એવો અભિપ્રાય હતો કે, હિન્દુઓ સરકારને કાંઇ પણ મદદ ન કરે. મઉલાના શાકતઅલીએ પોતાના ભાષણમાં સ્પષ્ટ કહી દીધુ હતું કે, જ્યારે ક્યામતના દિવસે ખુદા ને રસુલની સ્હામે મને પૂછવામાં આવશે કે તમે કાફર હિન્દુઓની ભાઇબંધી કેમ કરી તો હું કહીશ કે મને એક ભારી દુસ્મન (અંગ્રેજો)ની સાથે લઢવા—ખીલાફતની રક્ષા

કરવા માટે—મેં ભાઇબંધી કરી હતી. આ બાજુ મહાત્મા ગાંધીજીને સ્વરાજ્ય મેળવવા સારૂ હિન્દુ મુસલમાનની ઐક્યતાની જરૂર હતી. આથી મહાત્માજીએ જોયું કે જેટલી હિન્દુઓને સ્વરાજ્ય લેવાની અભિલાષા છે તેટલીજ મુસલમાનોને પણ છે તેથી હિન્દુઓના આનંદનો પાર રહયો નહી તેથી મહાત્માજીએ હિન્દુ મુસલમાનની ઐક્યતા સાચી માનીને એક વર્ષમાં સ્વરાજ્ય મેળવવાની ઘોષણા કરી દીધી તેથી મહાત્માજીએ હિન્દુ મુસલમાન એક થઇ ખીલાફતને મદદ કરે ને જ્યારે ખીલાફતનો ઉદ્ધાર થઇ જાય ત્યારે આપણને સ્વરાજ આપોઆપ મળી જશે. મહાત્માજીએ પોતાના હૃદયની શુદ્ધતા ને માનસિક પવિત્રતાને લીધે એવું વિચાર્યું નહી કે ખીલાફતના ઉદ્ધાર પછી મુસલમાનોની સનાતન રીતે કેવી રહેશે તેનો લેશ માત્ર પણ વિચાર ન કર્યો. એજ કારણથી મહાત્માજીએ ગોથું ખાધું, જેમકે એક પાંજરામાં વાઘ કેદ થએલો હતો ત્યાં ફરતો ફરતો એક મુસાફર પાંજરા પાસે જઇ ચઢયો ત્યારે વાઘે કહ્યું

કે તું મને પાંજરામાંથી બહાર કાઢ. તું મને બહાર કાઢશે તો હુ તારો ઉપકાર ભુલીશ નહિં. તેના કહેવા પર વિશ્વાસ રાખી વાઘને બહાર કાઢયો. ને તેના બહાર નીકળ્યા પછી વાઘ ભુખ્યો હોવાથી વાઘે તેજ મુસાફરને ફાડી ખાધો. તે પ્રમાણે લાખ્ખો રૂપીઆના કપડા પોતાના શરીર પરથી કાઢી હિન્દુઓએ સ્મર્ના (ટર્કી) અને લાખ્ખો રૂપીઆની કોથ ળીઓ ત્રીજોરીઓ ખાલી કરી ખીલાફત ફંડ માટે આપી. સેંકડો હિન્દુઓએ ખિલાફતના ઉધ્ધાર માટે જેલમાં ઘંટી ફેરવી તેનાં બદલામાં મલબાર પ્રાન્તના મુસલમાનોએ હજારો હિન્દૂઓને પોતાના પવિત્ર ધર્મથી ભ્રષ્ટ કર્યાં હિન્દૂ અબલાઓના સતીત્વ પર બલાત્કાર ગુજાર્યો હજારોના બચ્ચાં તથા બાળકોના ગળા પર છરી ફેરવી કુવામાં ફેંકી દીધા એટલું થયું છતાં પણ મહાત્માજી ઈસ્લામી જેહાદ સ્હેમજી શક્યા નહીં સ્હામા અત્યાચારીઓને સજામાંથી બચાવવા માટે હિન્દૂઓની પાસેથી પૈસા અપાવતાજ રહ્યાં સ્વરાજ્ય મેળવવા માટે પહેલી વાત એ છે

કે દેશના તમામ આદમીના દુ:ખસુખના કાયદા એક સરખાં હોય, જો ન હોય તો તેથી દેશ રાષ્ટ્ર રૂપ ધારણ કરી શકે નહીં અને રાષ્ટ્રનું રૂપ ધારણ કર્યા શિવાય સ્વરાજ્ય મળી શકે નહીં હિન્દુસ્તાનમાં અત્યારે ત્રણ મોટી જાતી છે (૧) હિન્દૂ (૨) મુસલમાન અને (૩) અંગ્રેજ. એ ત્રણેમાં અંગ્રેજ પરદેશી ને રાજ્ય કરતી પ્રજા છે, એટલે તેનો સંબંધ એવો છે કે જેવો બંગાળા તથા આસામના રહીશોના દુ:ખસુખ વીષે મારવાડી વેપારીને હોઇ શકે તેટલા માટે અંગ્રેજ લોકો હિન્દૂસ્તાનને પોતાની માતૃભૂમી સમજે નહીં ત્યાં સુધી સ્વરાજ માટે હિન્દૂઓનો પક્ષ બળવાન થઇ શકે નહીં. કહેવત છે કે જેના હાથમાં તેના મોંમાં. તે મુજબ જેના હાથમાં અધિકાર હોય તે કોઇ પણ દિવસ તે છોડવા ઇચ્છે નહિ આથી અંગ્રેજો પરત્વે કાંઇ લખી શકાય નહિં તેમના આવવા પહેલાં ફકત હિન્દૂસ્તાનમાં હિન્દુ મુસલમાન હતાં મુસલમાનોએ, અંગ્રેજો હિન્દુસ્તાનમાં આવવા પહેલાં સાતસો વર્ષ સુધી હિન્દુઓ પર

તલવારના જોરથી સત્તા ચલાવી અલબત્ત તે વખતે એટલે કે મુસલમાનના અમલમાં હિન્દુસ્તાનની કોઇપણ ચીજ બહાર જતી ન હતી જેથી દરેક ચીજ સોંઘી ને સસ્તી મળતી હતી હિન્દુઓના ધર્મ તથા તેમની સ્ત્રીઓના સતિત્વ પર હુમલા થતાં જેને હિન્દુ લોકો પ્રાણથી પણ વધારે સમજતા હતા.

મુસલમાન બાદશાહના વખતમાં ધર્મથી પતિત કરવા માટે હિન્દુઓને ગાજર મૂળાની માફક કાપી નાંખતાં હતાં, તેનું વર્ણન મુશલમાન બાદશાહોના જીવન ચરીત્ર વાંચવાથી માલમ પડશે. હિન્દુ ધર્મના રક્ષણ માટે હિન્દૂજાતિ કપાતી કપાતી એટલી બધી નિર્બળ થઇ ગઇ હતા કે જો એને મુડદાં જેવી કહિએ તો કાંઇ ખોટું નથી. હિન્દુઓના માથા પર જે ચોટલી જોવામાં આવે છે તે મહારાજ ગુરૂ ગોવિંદસિંહજીના પ્રતાપથી છે કે જેણે પોતાના પિતા પુત્રના લાખોના બલીદાન આપી હિન્દુજાતીનો નાશ થતો અટકાવ્યો. હવે

જ્યારે મુસલમાનો પણ હિન્દુજાતીની માફક અંગ્રેજ સરકારની પ્રજા બની છે, તો તે હિન્દુઓની સાથે કેમ થતી નથી? બંને જાતિને આજ દેશમાં જીવવાનું છે ને મરવાનું છે. એકને સુખ તો બીજાને સુખ ને બીજાને દુઃખ તો પહેલાંને દુઃખ કહેવાય છે કે ઐક્યતા ન થવાના બે મજબુત કારણો છે:— (૧) મુસલમાનનો ધર્મ હિન્દુઓને કાફર સમજી યમપુરી મોકલવાની પ્રેરણા કરે છે કે જેથી તેને જન્નતમાં (સ્વર્ગ) જવાનું સરટીફીકેટ મળે છે. (૨) મુસલમાનો હિંદુસ્તાનને પોતાનું ઘર નથી સમજતાં પરન્તુ જેટલો પ્રેમ હિંદુસ્તાનના મુસલમાનો અરબસ્તાન, ટરકી, ને અફગાનીસ્તાનના મુસલમાનોથી રાખે છે તેટલો હિંદુથી નથી રાખતાં કેમકે એ લોકોને સંપૂર્ણ વિશ્વાસ છે કે કોઇને કોઇ દિવસે અમે ટરકી તથા અફગાનિસ્તાનના લોકોની સહાયતાથી અમારી જતી રહેલી શક્તિ ફરીથી મેળવી લઇશું. ખિલાફતનો ઉધ્ધાર થયા પછી મુસલમાન મોલવીઓ ગાજી વગાડીને કહેછે કે

અમે કાફૂર બુતપરસ્તો (મૂર્તિપૂજકો)ની સાથે માત્ર એટલાં સારૂ દોસ્તી કરી હતી કે ખિલાફતની જડ ઉખેડવાને માટે અંગ્રેજ સરકારને હિન્દુઓની મદદ ન મળે. અમે હિન્દુ મુસલમાનની ઐક્યતા વિષે જે દિવસે કુરાન અને અરબસ્તાનનો ઇતિહાસ વાંચ્યો ત્યારથી હિન્દુ મુસલમાન ઐક્યતાને અસંભવિત સમજી ગયા છીએ. યુરોપિયન ઇતિહાસકાર લખે છે કે ઇસ્લામી ઇતિહાસ કેવળ આદમીના લોહીની શાહી બનાવી તલવારની કલમથી લખાયલો છે. આ કેટલું સાચું છે તે વાંચકોને આપો આપ આગળ સમજાઇ જશે જ્યાં સુધી મુસલમાનો જેહાદમાં હિન્દુઓનો વધ કરવામાં પોતાની ધાર્મિક ફરજ સમજતાં રહેશે ત્યાં સુધી હિન્દુઓની ઐક્યતા સ્વપનામાં પણ થવાની નથી. દુઃખની સાથે કહેવું પડે છે કે સ્વરાજ્ય વિષે ભાષણ કરતાં એક મુસલમાન નેતાએ જાહેર પ્લેટફોર્મ પરથી કહ્યું હતુ કે જો કોઇપણ મુસલમાની વિદેશી સત્તા હિન્દુસ્તાન પર ચઢી આવે તો મારી માતૃભૂમીના રક્ષણ માટે સૌથી પહેલો

તલવાર પકડીશ. પણ જ્યારે એજ નેતા પર સરકાર તરફથી મુસલમાન સૈનિકોને ભડકાવવાનો ગુન્હો લાગુ પાડવામાં આવશે ત્યારે ઇસ્લામી ધર્મ પાલન કરનાર મુસલમાન પર હથીઆર ઉઠાવવા હરામ છે. આવી રીતે બોલવા છતાં પણ મહાત્મા ગાંધીજી હિન્દૂ મુસલીમ ઐક્યાતાને સાચી સ્હમજ્યાં ઇ. સ. ૧૯૨૧ના ઑગષ્ટમાં મહાત્માજી ડિબ્રુગઢ (આસામ) ગયા ત્યારે મે એક કાગળ લખી કેટલાંક પ્રશ્નનો જવાબ માંગ્યો હતો. મહાત્માજી સાથે મૌલાના મહમ્મદઅલી હતાં, ઉપલા પત્રનો જવાબ કોઇએ પણ આપ્યો નહીં, કદાચ એ પ્રશ્નો નકામા સ્હમજી રદી ટોપલીમાં ફેંકી દીધા હશે. એ પ્રશ્નો નીચે પ્રમાણે છે તે પ્રશ્ન ટાઇમ્સ ઓફ આસામ (The Times of Assam)માં પ્રકટ થએલાં છે:—

(૧) બીજા ધર્મોની સાથે વર્તવાને કુરાનમાં કેવા સિદ્ધાંતો છે?

(૨) જ્યારે ઇસ્લામે પરદેશોમાં જઇને વિજય

મેળવ્યો ત્યારે ત્યાંના મંદિરો તથા દેવસ્થાનો પ્રત્યે મુસલમાનો કેવી રીતે વર્ત્યા?

(૩) સરાસરી આઠસો વર્ષના શાસન કાળમાં હિન્દુસ્તાનના મુસલમાન બાદશાહો હિન્દૂઓ સાથે કેવી રીતે વર્ત્યા અને ઇતિહાસ એ વિશે શું કહે છે?

(૪) મુસલમાનોના ધાર્મિક સિદ્ધાન્તો બીજા ધર્મોની સાથે વર્તવામાં કેવા છે? શું હવે મુસલમાનો હિન્દૂઓને કાફર નથી સમજતાં? અને શું કુરાન કાફરોના માથાં ધડથી જુદા (છુટા પાડવા) કરવા ફરમાન નથી કરતું?

૫ શું મુસલમાન બાદશાહોએ હિન્દૂઓની ગરદન પર તલવાર ચલાવી મુસલમાન નથી બનાવ્યા? અને તેમણે હિન્દૂઓના માથાં નથી કાપ્યાં?

૬ શું ઇસ્લામમાં પ્રત્યેક સાચા મુસલમાનને માટે જેહાદ તેમજ બીજા ધર્મવાળા પર જજીઆવેરા લેવા હુકમ નથી? આ શબ્દોનો અર્થ શું છે? અને મુસલમાનો એને વિષે શું વિચાર રાખે છે?

૭ અંગ્રેજોના આવવા પહેલાં મુસલમાન

બાદશાહના વખતમાં હિન્દૂ ધર્મ તથા હિન્દૂ અબલાઓ અને તેમના પતિવ્રત ધર્મની કેવી સ્થિતિ હતી ?

૮ જે ઇસ્લામ તથા ખીલાફતની પાછળ લાખ્ખો હિન્દૂઓના જાન લીધા ને તેમને અનેક રીતના દુ:ખો આપ્યા. એજ ઇસ્લામ તથા ખીલાફતની શક્તિ ને હૃષ્ટપુષ્ટ કરવાથી હિન્દૂઓને શો લાભ થશે, અગર ભવિષ્યમાં શું ફાયદો થશે ?

મુસલમાનોની ચાલબાજીની ઐતિહાસીક ઘટનાઓ લખવા પહેલાં એ ધર્મનો થોડો ઇતિહાશ બહુ જરૂરી છે કે જેથી વાંચકો સમજી શકે.

ઈસ્લામ ધર્મનું વિવરણ.

વિક્રમ સંવત્ ૬૨૫ ના વૈશાખ મહીનામાં અરબસ્તાનના મક્કા શહેરમાં કુરૈસી જાતના અબ્દૂલાની સ્ત્રી અમીનાના પેટે બાળકનો જન્મ થયો. તે બાળકનું નામ મોહમ્મદ. તે વખતે અરબસ્તાનમાં જુદી જુદી જાતો હોવાથી તે ઘણા ધર્મોમાં વહેંચાયલો હતો તેથી બધા લોકો માંહોમાંહે લડતા હતાં તે વખતે બધા ધર્મોમાં મૂર્તિપૂજા મુખ્ય હતી આરબ લોકો મૂળથી

યુદ્ધ કરનારા, લોહી રેડાવનારા. અત્યાચારી, નિર્દય તેમજ લુટફાટ કરવામાં ઘણાજ શોખીન હોય છે. એ લોકોનાં હૃદય ઘણાંજ કઠોર હોઇ તે માંહોમાંહે લઢી પુષ્કળ ઝેરવેર કેળવતાં મુસાફરોને મારીને લુટી લેવાં એતો એમને મન નાના છોકરાંની રમત હતી. ડૉક્ટર તથા વૈદ કહે છે જે આરબોની આ વૃત્તિ ઉંટનું માસ ખાવાથી થઇ છે. કારણ કે જે જનાવરનું માંસ વધારે ખાવામાં આવે તેવા લક્ષણ આવે.

મોહમ્મદની ઉમર જ્યારે ૪૦ વર્ષની થઇ ત્યારે અરબસ્તાનની જુદી જુદી જાતોને રાષ્ટ્ર ધર્મનું રૂપ આપવા તથા પોતાના અભિપ્રાયની સિદ્ધી માટે સૌથી પહેલાં આખા અરબસ્તાનમાં એક ધર્મ તથા એક સમાજ (કોમ) બનાવવા યુક્તિ પ્રયુક્તિઓ કરવા માંડી. વિચાર કરતાં કરતાં મક્કા શહેર આગળ પહાડની ગુફામાં બેસી નીચે પ્રમાણે કહેવાનો આરંભ કર્યો. ખુદાને ત્યાંથી મારી પાસે ખુદાના ફરિસ્તા (દૂતો) જે સમાચાર લાવ્યા છે તે ઇશ્વરની તરફથી મને તમને કહેવાની રજા આપી

ગયા છે તે તમે સાંભળો. "દૂનીઆમાં કોઇપણ જગ્યા પર મૂર્તિપૂજા ન રહેવા દેવી."
જ્યારે આવી વાતો કુરૈસ લોકોએ સાંભળી ત્યારે તેમણે મોહમ્મદને કહ્યું કે તમે અમારા દેવ તથા દેવીઓના અપમાન ન કરો. જો કરશો તો તેના બુરા પરીણામ તમારે ભોગવવા પડશે પરન્તુ તે વાત મોહમદે ન માની તેથી કુરૈશી લોકો તેના પર ગુસ્સે થઇ મોહમદને મારવા પ્રયત્ન કરવા લાગ્યા. જ્યારે મોહમદે જાણ્યું કે કુરૈશી લોકો મારા જાનના ભૂખ્યા છે ત્યારે તે છાનામાના મક્કા છોડી મદીના નાસી ગયા ત્યાં જઇ મુસલમાનોને કહ્યું કે "જ્યાં મૂર્તિપૂજકને જુઓ ત્યાં તેમને મારી નાંખો એમનાં ધન, દોલત, તથા સ્ત્રીઓ, બચ્ચાંઓને લુટીલો" એવી ઘોષણા મોહમદે મદીના પહોંચાડી પોતે કેવી રીતે આરંભ કર્યો તેનું વર્ણન વોશિંગ્ટન ઇરવિંગ (Washington Irving) સાહેબે લાઇફ ઓફ મોહમ્મદ. (Life of Mohammed) નામના પુસ્તકમાં નીચે પ્રમાણે લખ્યું છે :—

"Let those who promulgate my faith enter into no argument nor discussion; but slay all who refuse obedience to the law. Whoever fights for the true faith, whether he falls or conquers, will assuredly receive a glorious reward. 'The sword" added he "Is the Key of heaven and hell, all who draw it in the cause of the faith will be rewarded with temporal advantage; every drop shed of their blood, every peril and hardship endured by them, will be registered on high as more meritorious than even fasting or praying. If they fall in battle their sins will at once be blotted out, and

they will be transported to paradise, there to revel in eternal pleasure in the arms of black eyed houris."

To convince stubborn unbelivers, there is no argument like the sword. Kill the idolations where-ever you shall find them.

The moment Mohammad proclaimed the religion of the sword, and gave the predatory Arabs a ta-te of foreign plunder, the moment he was launched in a eareer of conquest, which carried him forward with its own irresitible impetus

Life of Mohmmad, by Washington Irving.

અર્થ—જે મૂસલમાન મારા ધર્મનો ફેલાવો કરવા ચાહતો હોય તેણે કોઇપણ દિવસે વાદવિવાદ કરવો નહિં, જે કોઇ આદમી કાયદા મુજબ ન વર્તે તેને યમપૂરી પહોંચાડવો એટલે ખુન કરવું. કારણ કે જે મૂસલમાન ઇસ્લામને સારૂ લઢે છે તે મરે અથવા મારે તોપણ તેને બહુ કીમતી બદલો મળે છે, તલવાર સ્વર્ગ તથા નર્કની કૂંચી છે. જે મુસલમાન ધર્મને સારૂ તલવાર ચલાવે છે તેને ઐહિક લાભ મળે છે. આમ લડનારનું એકેએક લોહીનું ટીપું તેમજ સહન કરવા પડતાં દુઃખો અને કષ્ટો ઊપવાસ અને પ્રાર્થનાથી પણ ઉજ્વળ લેખાય છે. જે માણસ આ યુદ્ધમાં મરી જાય છે તેના તમામ પાપ માફ થાય છે, અને તે માણસ સદાને માટે સ્વર્ગમાં જાય છે ને ત્યાં શ્યામનયની અપ્સરાના સંગમાં અનંત મોજ શોખ ભોગવશે. કાફરોને ઇસ્લામી બનાવવા સારૂ ઉપદેશ કરવા કરતાં સારામાં સારો ઊપાય ફકત તલવારજ છે, જ્યાં કાફર મૂર્તિ પૂજકો દેખાય ત્યાં મારી નાખો. જે સમય પર મોહ

મ્મદે તલવારની ધારપર ઇસ્લામ ફેલાવવા ઘોષણા કરી અને અરબ્બી લૂટારાંઓનો વિદેશીઓને લૂટવાનો ચસકો વધાર્યો તે ક્ષણુથી એના જીવનની સફળતા શરૂ થઇ અને એના અનિવાર્ય પરિણામ તરફ એ ધસડાયો. વૉ૦ ઇરવિંગ. સઇયદ મોહમ્મદ લતીફ હિસ્ટ્રી ઓફ ધી પંજાબ એ નામના પૂસ્તકમાં લખે છે કે;—

Such liberal promises of future happiness, added to an immediate prospect of riches and wealth were enough to kindle the frenzy of the desert population of Arabia. Their martial spirit was roused and their sexual passions were inflamed

Mohammad called the latent passions and talents of the Arabs into activity and animated them

with a new spirit. Armed with the Quran and the sword, and supported by the enthusiastic ardour of his followers, he waged a war with the Civil and Religious institutions of the world introducing new Politics and new manner changed the political and moral condition of things.

અર્થ—આરબની લુટારૂ પ્રજાને મહમદે આલોક તથા પરલોકના સુખો તથા ધન દોલતની લાલચ આપી તેમના જોસને ઉસ્કેરવા માટે ઠીક કર્યું લાલચોથી તેમની યુદ્ધશકિત તથા વિષય વાસના ઘણીજ ઉત્તજીત થઇ મોહમદે આરબોની હોલવાઇ ગએલી કામનામાં વીજળી ભરી દીધી કુરાન તથા તલવારને હાથમાં લઇને તેમજ પોતાના અનુયાયી મૂસલમાનોની શકિતથી ઉત્સાહિત થઇ મોહમદે સંસારના શિષ્ટાચાર તથા ધાર્મિક

શીલતા સાથે યુદ્ધ શરૂ કર્યું નવીન રીત તથા નવિન વિચારો પ્રચલિત કરીને સમાજ અને રાજનીતિની સભ્યતામાં ક્રાન્તિ કરી. મિ. એલફીન્સ્ટન સાહેબે હિસ્ટ્રી ઓફ ઇન્ડીઆ (History of India.) નામના પુસ્તકમાં લખ્યું છે કે:—

Such was the nation that gave birth to the false Prophet (Mohammad) whose doctrines have so long and so powerfully influenced a vast portion of the human race.

But whatever may have been the reality of his zeal and even that merit of his doctrines, the spirit of intolerance in which it was preached, and the bigotry and bloodshed which it engendered and

perpetuated must place its author among the worst enemies of mankind.

History of India
by M. Elphinston.

અર્થ—જે વખતે આરબોમાં આ વ્યવસ્થા હતી ત્યારે જુદા નબી (મોહમદ)નો જન્મ થયો જે સિદ્ધાન્તોએ મનુષ્યજાતીની ભારી સંખ્યા ઉપર લાંબી અને સંજડ અસર કરી છે. મોહમદના ઉદ્યોગ તથા સિધ્ધાન્તોનું વાસ્તવિક રૂપ ગમે તે હો પણ નિસન્દેહ પૂર્વક માનવામાં આવે છે કે આવી રીતનાં કઠોરતા, પક્ષપાત અને રક્તપાતથી મોહમદે પોતાના સિધ્ધાન્તોનો પ્રચાર કર્યો તેથી એમ સાબીત થાય છે કે સિધ્ધાન્તોનો કર્તા મનુષ્યજાતીનો ભયંકર શત્રુ હતો.

ઘણીજ આશ્ચર્યની વાત છે કે ઘણાંજ અત્યાચારો, હત્યાઓ (ખુન) તથા લૂંટફાટોથી મુસલમાનો કામ લેતા હતા અને તેમ કરવામાં

ઇશ્વરનું ફરમાન છે ને તે બરાબર પાળવામાં ધર્મ-છે એમ તેઓ માનતા. તો પણ આરબ જાતને મુસલમાન બનાવતા પહેલાં તેમની સાથે પાંચ સાતવાર મહમદને લઢવું પડ્યું પણ વિજય મળવાથી અને લૂંટફાટમાં ધન દોલત તથા દાસ દાસીઓ મળવાથી મોહમદના અનુયાયીની સંખ્યાઓ દિનપ્રતિ દિન ઘણીજ વધી ગઇ ત્યાં સુધી કે ૧૦ વર્ષમાંજ આખા અરબસ્તાનમાં ઇસ્લામનો ફેલાવો થયો ને મુસલમાનોએ હજારો :વર્ષથી રાખેલી મૂર્તિઓ ભાંગીતોડી ફેંકી દીધી. ને સાથે સાથે જે જુદી જુદી જાતિ એક બીજાથી લઢતી હતી તે એક બીજાની સાથે ભાઇ ભાઇની રીતે વર્તવા લાગી અર્થાત્ આખા અરબસ્તાને રાષ્ટ્ર રૂપ ધારણ કર્યું.

હવે મોહમદે મુસલમાનોને કહયું કે અરબ-સ્તાનની બહાર જઇ સારી આલમમાં મુસલમાન ધર્મનો ફેલાવો કરો. તમને જે માણસ મળે તેને મૂસલમાન બનવા કહો, જો તે ન માને તો તેનું

માથું ધડથી ઉડાવી દો ને જો માને તો તેને આપણો ભાઇ સમજવો જો તમારા કહેવા મુજબ મુસલમાન ન બને તો જજીઆ વેરો માંગો, તે ન આપે તો બેધડક માથું ઉડાવી દો. જે માલ યા દાસ દાસી તમને લુંટમાં મળે તેનો પાંચમો ભાગ આપણા ખલીફાને (સરદાર) માટે અલગ રાખી જે વધારો રહે તે માંહોમાંહી વહેંચી લેવો. તેમજ કુરાન શીવાય બીજા કોઇપણ ધાર્મિક ગ્રંથને સાચો માનવો નહી, એમ કહી વિ. સં. ૬૮૯ની સાલમાં ૬૩ વર્ષની ઉમરે મોહમદે સંસાર યાત્રા પૂરી કરી.

મોહમદની સિદ્ધિઓ.

મૂસલમાન લોકો નીચે લખેલી વાતોને મોહમદની સિધ્ધિઓ કહે છે:—

૧ ઇશ્વરને મળવા સારૂ મોહમદ ઘોડા પર બેસી આકાશ માર્ગે ખુદા પાસે ગયો અને સાતમા આસ્માન પર તેણે ખુદાની સાથે વાતો કરી.

૨ મોહમદે ચંદ્રમાની સ્હામે આંગલી બતાવી ચંદ્રમાના બે ટુકડા બનાવી દીધા.

૩ પત્થર તથા કાંકરાઓએ મહમદના કલ્માઓ પઢયા.

૪. મુડદાઓને મહમદે બાળી મુક્યાં.

૫ મોહમદની ગરદન પાછળ ખભાની પાસે તરના ઇંડા જેવડી રસોળી હતી, તેને મૂસલમાનો કહે છે કે એ રસોળી ન હતી પણ ખુદાની મોહરની છાપ હતી જે ઓળખવા સારૂ પોતાના દૂત મોહમદના શરીર પર લગાવી હતી યુરોપના ઇતિહાસવેત્તા આવી વાતોને સાચી માનતા નથી ને કહે છે કે મુસલમાન મુલ્લાંઓએ પોતાના મનથી બનાવી ગોઠવી દીધી છે. જેમકે વોશીંગટન ઇરવીંગ (Washington Irving.) સાહેબ લખે છે કે :—

Many of the visions and revelations handed down as having been given by Mohammad are Spurious The miracles ascribed to him are all fabrications of Muslim zealots.

મુસલમાનો એમ પણ કહે છે કે મોહમદે આખી જીંદગીમાં કોઇપણ આદમી પર હથીઆર ચલાવ્યાંજ નથી. અલબત તલવાર કમરે બાંધી હતી. આ વાત સત્ય નથી કારણ કે વિ. સં. ૬૮૪માં ઓહદ મુકામે જે યુદ્ધ થયું હતું તેમાં મોહમદે અબ્બી નામના કુરેશીને પોતે માર્યો હતો જેમકે વોશિંગ્ટન ઇરવીંગ (Washington Irving) પોતાના લાઇફ ઓફ મોહમદ નામની ચોપડીમાં લખે છે :—

But Mohammad seizing a lance from an attendant thrust it through the idolator who fell died from his horse.

એનો અર્થ એવો થાય છે કે મોહમદે પોતાના સાથીનો ભાલો લઇ મૂર્તિપૂજકની ગરદન પર એવા જોરથી માર્યો કે તેના ગળાની આરપાર નીકળી જઇ તેનું મુડદું પૃથ્વી પર પડ્યું. આ ઉપર મુસલમાનોને યુરોપીયન ઇતિહાસકારોની વાત પર વિશ્વાસ આવે નહી આથી અમે મોહમદ ઇબ્ન ઉમર વાકદીની અસલ

ચોપડી જે અરબ્બી ભાષામાં છે તેનો અનુવાદ ઉર્દુ ભાષામાં મુન્સી બસારતઅલીખાંએ કર્યો છે ને તેમાનાં કેટલાં વાક્યો લઇ વાંચીએ તો એમ માલમ પડે છે કે વોશિંગ્ટન ઇરવિંગ સાહેબે જે લખ્યું છે તે બરાબર છે. તે દિવસે ખુદાના રસુલે એટલાં તીર ચલાવ્યાં કે જેથી કમાન ઢીલી થઇ ગઇ જે વખતે અબ્બી તદ્દન નજદીક આવી ગયો તે વખતે હજરતે હારીસ ઇબ્ન સુમ્મા પાસેથી ભાલો લઇ બહાર પડી મેદાને પડયા હજરતે તે ભાલાની અણી અબ્બીની ગરદનમાં મારી જેથી તે પોતાના ઘોડા પરથી નીચે પડયો ને બળદની માફક ફુંફારવા લાગ્યો એજ પુસ્તકમાં જ્યાં ઓહદની લઢાઇમાં મારનારા તથા મરનારાઓના નામ લખ્યાં છે ત્યાં વાકદીએ લખ્યું છે કે અબ્બી ઇબનને ખલીફ રસુલે ખુદાના હાથથી મરી ગયો.

યુરોપીયન ઇતિહાસકારો નીચે લખેલાં કારણોથી મોહમદ સાહેબને ઇશ્વરના દૂત તથા ધર્મપ્રચારક માનતાં નથી અને મનુષ્ય જાતિના ઘણાજ ભયંકર શત્રુ સમજે છે.

૧ મોહમદે તલવારની ધારથી ધર્મનો ફેલાવો કર્યો અને નિર્દોષ આદમીઓને મારવાને પોતાના અનુયાયીઓને હુકમ આપ્યો.

૨ મોહમદે વિધર્મીઓના મંદીર તોડવા, મૂર્તિઓને ભાંગવા, પુસ્તકોને બાળવાં તથા ધનદોલત લૂંટવા અને તેમની સ્ત્રીઓ તથા બાળબચ્ચાંઓને ગુલામો બનાવી પોતાના સમુહમાં લાવવા હુકમ આપ્યો.

૩ મોહમદે વિધર્મીઓને મારવાથી અને તેમને ધર્મભ્રષ્ટ કરવાથી સ્વર્ગમાં જવાશે એમ જણાવ્યુ અને આવાં કામોને ઇશ્વરની આજ્ઞા તરીકે ઓળખાવી

૪ દરેક મુસલમાનને ચાર બૈરીઓ તથા અનેક દાસદાસીઓની સાથે ભોગવિલાસ કરવાની આજ્ઞા આપી વિષયવાસના વધારી એટલુંજ નહી પણ પોતાને સારૂં અનેક સ્ત્રીઓને રાખવાનું યોગ્ય ઠરાવ્યું તે પણ ક્યાં સુધી કે પોતે ગોદ લીધેલા પુત્ર ઝેદઇબને હારીસની સ્ત્રી ઝેનબને પણ પોતાની બૈરી બનાવી લીધી જેની વાત અંગ્રેજીમાં અનુવાદ સાથે આગળ લખી છે.

૫ જે સ્ત્રી પુરૂષોએ મોહમદની આજ્ઞા ન માની અને તેને લુંટારાઓનો સરદાર કહેવાનું સાહસ કર્યું તેની મોહમદે કતલ કરાવી. જેવી રીતે અસમા નામની કવીતા બનાવનાર સ્ત્રીને મરાવી.

ધર્મના પ્રચાર માટે મહમદે શંકાનું સમાધાન કરવાની રજા આપી નહી.

અસમાની કથા.

મરવાન નામના યહુદીની છોકરી અસમા હતી જ્યારે બદરની લડાઇ પહેલાં મુસલમાનોએ કુરૈશીના વેપારીઓને લુટી લીધાં હતાં ત્યારે અસમા મોહમદને ધાડપાડુ ને લુંટારો કહી તેના વિષે ગીતો બનાવી ગાતી હતી. મોહમદે પોતાની બેઇજ્જત થતી સાંભળી તેણે અમીર ઇબ્નને કહ્યું કે અસમાને કોઇપણ રીતે કત્લ કરી નાંખો આવો હુકમ સાંભળીને અમીર રાતની વખતે અસમાના ઘરની છાની જગામાં જઇ સંતાઇ ગયો ને જ્યારે મોહલ્લાના લોકો સુઇ ગયા ત્યારે અસમા પાસે ગયો. અસમા ઘોર નીદ્રામાં હતી ને છાતી પર

એનો એકનો એક છોકરો ધાવતો હતો તેને અમીરે જતાંની સાથે ઉંચકી પૃથ્વી પર પટકી મારી નાંખ્યો પછી અસમાના પેટ પર તલવાર મારી શરીરના બે ટુકડા કરી નાખ્યાં અમીરે રાતોરાત સ્હવારના અંધારામાં મોહમદ પાસે પહોંચી જઈ ઉપલી વાત કહી તે સાંભળી મોહમદ ઘણાંજ ખુશ થયા અને અમીરને ઘણોજ ધન્યવાદ આપ્યો. અમીરે મોહમદને પૂછ્યું કે ખુન કર્યા બદલ મને પાપ લાગશે કે કેમ? તેના જવાબમાં કહ્યું કે જરા પણ નહી ઉલટું મોઢાં આગળ જે માણસો હતાં તેમને કહયું કે ખુદા તથા રસુલની સેવા કરવી હોય તો "અમીરને યાદ કર્યા કરો આવા સારા કામને માટે હસ્સાન નામના મહાન કવીએ અમીરની ઘણીજ પ્રશંસા કરી છે. અને એમણે જે કવીતા બનાવી છે તે હજી સુધી પણ અરબસ્તાનમાં ઘણાજ માન અને ગૌરવ સાથે ગવાય છે. (કેમ નહી ગાય, કામ પણ ઘણુંજ ઉત્તમ ને વખાણવા લાયક હતું) જે વાતોના આધારે યુરોપીયન ઇતિહાસકારો મોહમદને કામી તથા

સ્ત્રી પ્રેમી કહે છે તે આવા પ્રકારે છે તેમાં જૈનબની વાત પર ઘણુંજ કટાક્ષ કર્યાં છે.

"There are two things in this world," would he say "which delight me; women and perfumes. His passion for the sex had an influence over all his affairs It is said that when in the presence of a beautiful female, he was continually smoothing his crow and adjusting his hairs as if anxious to appear to advantage."

The number of his wives is uncertain. At the time of his death he had nine wives.

W. Irving.

That Mohammad was, as the Arabs are by complexion, a great

lover of women. We are assured by his own confession; and he is constantly upbraided with it by the controversial writers, who fail not to urge the number of women with whom he had to do, as a demonstrative argument of his sexuality, which they think sufficiently proves him to be a wicked man and consequently an imposter.

George Sale

એક દિવસ બાપ દીકરાના ઘરમાં ચાલ્યો જાય તેવી રીતે મોહુમ્મદ બેધડક ઝૈદના ઘરમાં ઘુસી ગયા તે વખતે જૈદ ઘરમાં ન હતો. પરન્તુ તેની નવવિવાહીત સ્ત્રી જૈનબ હતી તે હજરશની છોકરી હતી અને પોતાની જાતમાં ઘણીજ ખુબસુરત હતી. તે ઘરના એકાન્તમાં ઘુમટો ઉઘાડો રાખ્યો, ઉપરાંત શરીરના કેટલાંક વસ્ત્ર કાઢીને બેઠી

હતી. આથી જેવો મોહમ્મદ ઘરમાં આવ્યો તેવી તેની દ્રષ્ટી તેના રૂપ પર પડી. તે જૈનબના વખાણ કરવા લાગ્યા પણ જૈનબે તેનો કાંઈ પણ જવાબ આપ્યો નહીં, પરન્તુ જ્યારે એનો પતિ ઝૈદ આવ્યો ત્યારે જૈનબે ઉપલી તમામ વાત કહી દીધી. ઝૈદ સારી રીતે જાણતો હતો કે મોહમ્મદની વષયવાસના ઘણીજ ભડકી ઉઠે છે, જેથી ઝૈદે સારી રીતે સમજી લીધું કે મોહમ્મદ જૈનબના રૂપ પર મોહીત થયા છે. તેથી મોહમ્મદ પાછળ દોડી ઝૈદે કહ્યું કે આપ મારી સ્ત્રીનો સ્વીકાર કરો. હું તેનો ત્યાગ કરીશ. તેનો જવાબમાં મોહમ્મદે કહ્યું કે આ કામ દેશના આચાર (ધર્મ) વિરૂદ્ધ છે. એમ ન હતું કે તે પોતાની સ્ત્રીને ત્યજવા માંગતો હતો તે પોતાને આવી રૂપાળી સ્ત્રી હોવાથી તેને ઘણાંજ પ્રેમથી ચાહતો હતો પણ તે મોહમદનો સત્કાર સૌથી વધારે કરતો ને માનતો. તેણે જૈનબને તલ્લાક (છુટાછેડા) આપી દીધાં તલ્લાકની મુદત

ખલાસ થયા, પછી મોહમદે આ પવિત્ર દાનનો સ્વીકાર કર્યો. મોહમદના મરણ પછી અબુબકર વિ. સં ૬૮૯માં ખલીફા થયા. તેમણે લગભગ બે અઢ વર્ષ રાજ્ય કર્યું. એના વખતમાં મુસલમાનોએ અડધા શામ (પેલેસ્ટાન જેરૂસેલમ) પર પોતાનો અધિકાર મેળવ્યો. તેનું મરણ ૬૯૧માં થયું ને તેના પછી ઉમર ઇબનેખત્તાબને ખલીફા બનાવ્યા એમના સમયમાં મુસલમાનોએ આખ્ખા શામ દેશ પર પોતાનો મજબુત અધિકાર જમાવ્યો સાથે મીસર તથા ફારીસ (ઇરાન) મુસલમાનોએ લઇ લીધું, ખલીફા ઉમર વિ. સં. ૭૦૨માં એક પારસીના હાંથે માર્યા ગયા. એના રાજ્યના સમયમાં ઇસકન્દરીયા (મીસર) શહેરમાં જે સરસ્વતી ભંડાર હતો તે બાળી રાખ કરી નાંખ્યો. કહેવાય છે કે આ પુસ્તકાલયમાં દશ લાખ પુસ્તકો હતાં. અમરૂ સેનાપતીએ ઉમ્મરખલીફા પર પત્ર લખ્યો કે આ પુસ્તકો જાનને આપવા કે કેમ ને તેને તેનો જવાબ

ટુંકો ને ટચ ઘાતક આપ્યો. ખલીફાએ લખ્યું કે આ પુસ્તકોમાં એ વાત હશે એના વિષય કુરાનને અનુકુળ વા પ્રતિકુળ હશે. જો કૂરાનને અનુકૂળ હોય તો તે કૂરાનમાં આવી ગયા છે તેથી જરૂરના નથી પરન્તુ જો કૂરાનને અનુકૂળ ન હોયતો તે તદ્દન નાસ્તીકતા ને જૂઠાણાથી ભરપુર સમજી બાળી મુકવા ફરમાવ્યું. અમરૂ સેનાપતીએ તમામ પુસ્તકોને તાત્કાલીકાં શહેરના તમામ હમામખાનાં જે ૫૦૦૦ હતા તેમ લાકડાંની જગ્યાએ બાળી મુકવાને હુકમ કર્યો. પુસ્તક એટલા બધા હતાં કે તે બળતાં છ મહિના થયાં ઉમ્મર પછી ઉસમાન અફફાખલીફા થયાં, તેમના રાજ્યમાં ફારિસ (ઇરાન) ના બાદશાહ ત્રીજા યજૂદગુર્દને ઘણીજ નિર્દયતાથી મારી નાંખ્યા અને આખા ઇરાનમાં તેમનું રાજ્ય થયું. આ બાદ પારસીઓ પોતાનો ધર્મ બચાવવા મુંબઇ ઇલાકામાં નાસી આવીને રહયા. વિ. સં, ૬૧૨માં ઉસમાન માર્યો ગયો. તેના પછી અલીઇબ્બને અબીતાલીબ ખલીફા બન્યા પરન્તુ તે વિ. સં. ૭૧૭માં અબ્દુલરહેમાન

ઇબ્બને માલકમના હાથે માર્યા ગયા. હાલ મુસલમાનોમાં બે મોટા સંપ્રદાય છે. (૧) શિયા (૨) સુન્ની શિયા લોકોનું એમ કહેવું હતું કે મોહમ્મદના મરણ પછી અલી ઇબ્બન અલી તાલીબને ખલીફા બનવાનો અધીકાર હતો, પરંતુ અબુબક્કર, ઉમ્મર, ઉસમાન એમણે અન્યાયથી અલીનો અધિકાર છીનવી લીધો તે કારણથી આ ત્રણે આદમીઓને તેને ખલીફા તરીકે માનનારા મૂસલમાન ધર્મથી પતીત છે. એની વિરૂદ્ધ સુન્નીઓ એમ કહે છે કે, અબુ બક્કર, ઉમ્મર અને ઉસમાન, એ ત્રણેને અલી ઇબ્બન, અલીતાલીએ ખલીફા તરીકે માન્યા છે અને શિયા લોકો પહેલા ત્રણ ખલીફા પર જે કલંક લગાડે છે તે જૂઠ્ઠા છે. તેથી તે સાચા મૂસલમાન નથી. અલી ઇબ્ને અલી તાલીબ વિ. સં. ૭૧૭ માં માર્યા ગયા પછી તેમના છોકરા હસન ખલીફા થયા, પણ તેમનો સ્વભાવ ઘણોજ શાંત ને ઘણો જ વૈરાગ્યવાળો હતો તેથી હસને પોતાની ઇચ્છાથી મૂઆવિઆ ઇબ્બન અબી સફયાનને ખીલાફતની

ગાદી સોંપી દીધી. પછી પોતે ઇશ્વર ભક્તિમાં લાગી ગયા. ઘણાજ દુ:ખની સાથે કહેવું પડે છે કે આ મહાત્માને તેમની સ્ત્રીએ ભોજનમાં ઝેર મેળવી મારી નાખ્યા.

મુઆવિઆએ વિ. સં. ૭૧૯ થી ૭૩૬ સુધી રાજ્ય કર્યું. એના રાજ્યના અમલમાં ઉત્તર આફ્રીકા પર વિજય મેળવ્યો. તેના પછી તેનો છોકરો યજીદ વિ. સં. ૭૩૭માં ગાદી પર આવ્યો તેણે લગભગ ૪ વર્ષ સુધી રાજ્ય કર્યું. તે સમયે મોહમ્મદનો દૌહીત્ર (છોકરીનો છોકરો) હુસેન તે મોહમદની છોકરી ફાતમાના પેટનો છોકરો કરબલાના યુદ્ધમાં મરી ગયો તેને સારૂ મુસલમાનો યજીદના નામે ગાળો દે છે. વિ. સં. ૭૪૦માં યજીદના મરણ પછી તેનો છોકરો મુઆવીઆ ગાદીએ બેઠો. પરન્તુ તે જલ્દી પંચત્વને પામી ગયા. તે પછી મરવાન ઇબ્બન હકીમે ખીલાફતની લગામ હાથમાં લીધી. પરન્તુ વર્ષ સવા વર્ષ પછી એમની લગામ મૃત્યુએ ખેંચી લીધી, તે પછી તેમના છોકરા અબ્દુલ

મલીક ખલીફા બન્યા. વિ. સં. ૭૪૨ સુધી તેમણે રાજ્ય કર્યું. તે વખતમાં મૂસલમાનો તૂર્કસ્તાન ને અફગાનીસ્તાન પર અધીકાર જમાવી સાથે સાથે ઉત્તર આફ્રિકા પર વિજય મેળવી યુરોપ સુધી પહોંચી ગયા. અબ્દુલ મલીક વિ. સં ૭૬૨ માં મરી ગયા. ને તેની પછી વલીદ ગાદી પર બેઠો તે વખતે તારિક ઇબ્ને જ્યાદે સિપન તથા મોહમ્મદ ઇબ્ન કાસીમે સિન્ધુ દેશ પર પોતાનો અધિકાર જમાવ્યો. મોહમ્મદ ઇબ્ન કાસિમની વાત દાહિરના યુદ્ધમાં લખી છે. વલીદની ખીલાફત પછી એમનો દિગવિજય આગળ વધી શકયો નહીં ને ત્યારથીજ એમના પતનનો આરંભ થયો. ઘણા હિન્દુઓ જે મૂસલમાનોના ધાર્મિક સિધ્ધાન્તો નથી જાણતા તે ઉપરની મીઠી મીઠી વાતો પર ભરોસો રાખી વખત આવે પસ્તાય છે.

વાચક આ સિદ્ધાન્તો સમજી લે અને જ્યારે હિન્દુ મુસ્લીમ ઐક્યતાની વાત આવે ત્યારે ત્યારે સિંહ તથા બ્રાહ્મણની વાત યાદ રાખી તેમની

મિત્રતા કરે. અમે તો ઇસ્લામના ધાર્મિક સિદ્ધાંતો વાંચી એજ ચાહિએ છીએ કે "To die under the British flag is better for the Hindus than to become Rajas under the Muslim rule."

ઇસ્લામી ધર્મના કાયદાઓ.

(૧) ઇશ્વરનો કોઇપણ મદદગાર નથી મોહમદ સાહેબજ દૂત છે.

(૨) મોહમદ સાહેબ ઇશ્વરના છેલ્લાં દૂત છે ને હવે પછી ભવિષ્યમાં કોઇપણ દૂત ધર્મના પ્રચારાર્થે આ દુનીઆમાં આવશે નહિ.

(૩) કુરાન ઇશ્વરનું સાચામાં સાચું પુસ્તક છે. હવે પછી ભવિષ્યમાં કોઇપણ ચોપડી યા પુસ્તક આ દુનીઆમાં આવશે નહિં.

(૪) જે આદમી મોહમ્મદ સિવાય બીજા આચાર્ય (ગુરૂ) ને માને, તેમજ મોહમ્મદ સાહેબના કુરાનની વાતો પર કોઇપણ રીતની શંકા (વહેમ) ઉઠાવે યા કરે તો તેને કાફર માનવો ને

તેને કાફર કહેવો. કાફરોને મારી નાંખવા તે દરેક મુસલમાનની ફરજ છે.

(૫) મોહમ્મદ સાહેબના પહેલા જેટલા ધર્માચાર્યો ને કુરાનથી પહેલાંના તમામ પુસ્તકો ઇશ્વરની તરફથી દુનીઆમાં આવ્યા તે સઘળાં ઇશ્વરે રદ કર્યાં છે.

(૬) ઉપદેશ કરવાથી કાફરો ન માને તો તલવારની ધારથી કાફરોને મુસલમાન બનાવવા તે છતાં ન: માને તો તેમને કત્લ કરી નાંખવા.

(૭) જે આદમીઓ ઇસલામ ધર્મને બહારથી માનનારા (મનથી ન માનનારા) ઓને " મુનાફિક" કહેવા, ને જે આદમી મૂસલમાન બનીને તેના સિધ્ધાંતોથી ફરી જાય તેને મૂરતિદ કહેવા, ને તે મુનાફિક તથા મૂરતિદોને મારી નાંખવા.

(૮) ઇસલામ ધર્મ ફેલાવવા મુસલમાનો જે કાફરોને મારે છે તેને ગાઝી કહેવા પરતું કાફરોના હાથથી જે મુસલમાન મરે છે તેને શહીદ કહેવો

ગાઝીઓ તથા શહીદોને બહિસ્ત (સ્વર્ગ)માં મોકલી દેવામાં આવે છે.

(૯) કાફરોને મારવા, તેમના મંદીરો તોડવા, ધર્મસ્થાનો ભ્રષ્ટ કરવાં, મૂર્તિઓ તોડવી, પુસ્તકો બાળવા, કાફરોના બૈરા છોકરાંઓને દાસ–દાસીઓ બનાવી પોતાના એશઆરામમાં ભોગવવાં, તેમનાં ધન-દોલત લુંટવાં, તે સર્વે કામોને જેહાદ કહે છે. જેહાદ કરવું એ મુસલમાનોનું મોટામાં મોટૂં ધાર્મીક કાંમ છે.

(૧૦) જેહાદમાં કાફરોનો જે માલ, સ્ત્રી, બચ્ચાંઓ મુસલમાનના હાથમાં આવે છે., તેનો પાંચમો ભાગ મોહમદ અથવા ખલીફાને આપવો ને તેમાંની રહેલી વસ્તુઓ તમામ મુસલમાનોની છે.

(૧૧.) જ્યારે મહાપ્રલય પછી "કયામત" થશે ત્યારે ઇશ્વર આદમીઓનો ઇન્સાફ કરશે ત્યારે મોહમ્મદ સાહેબ ઇશ્વરને ભલામણ કરશે. આ બધા મુસલમાનો મારા અનુયાયી (ચેલા—ભક્તો) છે. માટે હે ઇશ્વરતું તેમને બહિસ્ત (સ્વર્ગ) માં

મોકલી દે. આમ બોલવાથી ઇશ્વર મોહમદને ખાતર બધા મુસલમાનોને સ્વર્ગમાં મોકલશે અને બીજા ધર્મ માનનારાઓને નરકમાં મોકલશે.

મુસલમાનને સારૂ કુરાનના કાયદા.

૧. જે મુસલમાનો કાફરોને મિત્ર બનાવે છે તેને કાંઇ પણ લાભ મળશે નહિં.

૨. અરે ઓ મુસલમાનો કાફરોને મિત્ર ન બનાવો, કારણ કે ખુદા તેથી ઘણાજ નારાજ રહે છે.

૩. જે માણસ જેહાદ કરે છે તેને ખુદા ઉત્તમ સમજે છે. જે માણસ જેહાદ નથી કરતો તેને ઉત્તમ સમજતા નથી.

૪. મુસલમાનોએ મુરત્તિદોને કત્લ કરી નાખવા (મારી નાખવાં.)


૫. અરે ઓ પેગમ્બર! મને કાફરોને મારવાની સદ્બુદ્ધિ આપો.

૬. અરે ઓ મુસલમાનો કાફરોને એવી રીતે મારી નાખો કે દુનીઆમાં તેનું નામ નિશાન ન રહે. ત્યાં સુધી મારો કે આખી પૃથ્વી પર મુસલમાની ધર્મ ફેલાય.

૭. અરે ઓ મુસલમાનો જો ક્વચિત કાફરો ની સાથે મિત્રતા થાય તો તરતજ તેનું જરા પણ અચકાયા વગર માથું કાપી નાખો. કાં તો કાફરોને મુસલમાન બનવાનું કહો ને મુસલમાન ન બને તો જજીયાવેરો આપે, તે ન આપે તો તેને મારી નાંખો.

૮. એ કાફરો જેહાદ મુસલમાનોના હાથથી મરી જાય છે તેનાં બૈરાંઓની સાથે તે ભોગ ભો ગવવા લાયક છે. મૂસલમાનો તેવી સ્ત્રીઓ સાથે ૧,૨,૩,૪ સુધી વિવાહ (લગ્ન) કરી શકે છે. તે ઉપરાંત ધર્મના યુદ્ધમાં જેટલી સ્ત્રીઓ પકડે તેને દાસીઓ બનાવી પોતાના ભોગવિલાસમાં લઈ શકે છે.

આ ઉપરથી દરેક હિન્દૂ ભાઇઓએ સમજવું જોઇએ કે આવા બાંડા ને નુગરા સાપોને દૂધ પાવાથી કેવા ને કેટલા લાભો થાય છે. તેમજ કેવાં સંકટો ઉઠાવવાં પડે છે તે સ્હેજ નવરાસની વખતે બેસી શાંત ચિતે વિચાર કરશો એવી હમારી નમ્ર વિનંતીછે.



ધી ભારત પ્રીન્ટીંગ પ્રેસ.

દરેક જાતનું છાપવાનું સુંદર કામ
કરી આપનાર.

એકવાર ટ્રાયલ ઓર્ડર આપી
ખાત્રી કરો.

ઠે૦ સ્ટેશન રોડ, દુવારા શેરીને નાકે.
સુરત.